સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૧૦–૨૦૨૦ ના રોજ

વિડીયો કોન્ફરન્સથી મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૩૦–૯–૨૦૨૦ ના પત્ર નં.સી.સ્થા.સ./૩૦૨ થી વિદિત થઈ, આગામી જાન્યુઆરી–૨૦૨૧ માં થનાર સ્વચ્છ સર્વેક્ષણમાં ગાર્બેજ ફ્રી સીટી સ્ટાર રેટીંગ સર્ટીફિકેશનના ૧૧૦૦ માર્કસ તથા ODF/ODF+/ODF++/Water+ સર્ટીફિકેશનના ૭૦૦ માર્કસ એમ કુલ ૧૮૦૦ માર્કસની જોગવાઈ સીટી સર્ટીફિકેશન માટે રાખવામાં આવેલ હોવાથી નીચે જણાવેલ વિગતો મુજબની કાર્યવાહી પૂર્ણ થતા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સુરત મહાનગરપાલિકાને "૭–સ્ટાર રેટીંગ તથા SBM Water+" જાહેર કરવા બાબત વાંધાજનક જણાતુ નથી જેથી સુરત મહાનગરપાલિકાને "ગાર્બેજ ફ્રી ૭–સ્ટાર સીટી" અને "SBM Water+ શહેર" જાહેર કરવાની મંજુરી આપવામાં આવે છે.

**"ગાર્બેજ ફ્રી ૭–સ્ટાર સીટી"**

ગાર્બેજ ફ્રી સીટી સ્ટાર રેટીંગ સર્ટીફિકેશનની ગાઈડલાઈન મુજબ સુરત મહાનગરપાલિકા ધ્વારા ૭–સ્ટાર રેટીંગ મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. સ્ટાર રેટીંગની ગાઈડલાઈન મુજબ સુરત મહાનગરપાલિકા નીચે મુજબના મુદ્દાઓની પુર્તતા કરે છે.

(૧) ૭–સ્ટાર રેટીંગ મેળવવા માટે Water+ સર્ટીફિકેશન હોવુ અનિવાર્ય છે, જે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.

(૨) શહેરના તમામ રહેણાંક તથા કોમર્શિયલ વિસ્તારોમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન વ્હીકલ ધ્વારા કચરાનું સુકા, ભીના અને ઘરેલુ જોખમી કચરામાં અલગ અલગ એકત્રિકરણ કરવામાં આવે છે.

(૩) શહેરની રહેણાંક સોસાયટીઓમાં સવારે દૈનિક સાફ–સફાઈ, સાંજે ગૃપ સફાઈ તથા મુખ્ય જાહેર રસ્તાઓ–માર્ગો, ફલાયઓવર બ્રીજ તથા કોમર્શિયલ વિસ્તારોમાં રાત્રી દરમ્યાન મિકેનાઈઝડ સ્વીપીંગ અને બ્રશીંગ કરવામાં આવે છે.

(૪) શહેરના તમામ જાહેર સ્થળો તથા મુખ્ય માર્ગો ઉપર દર ૫૦–૧૦૦ મીટરે સેગ્રીગેટેડ ડસ્ટબીન (ગ્રીન એન્ડ બ્લ્યુ) નું સ્થાપન કરવામાં આવેલ છે તથા પ્રાણી–પશુઓ ધ્વારા તેના ઉપયોગ ન થાય તે માટે ડસ્ટબીન ઉપર લીડ (કવર) નું સ્થાપન કરવામાં આવેલ છે.

(૫) શહેર સેકન્ડરી સ્ટોરેજ અથવા કન્ટેનર મુકત હોવા જરૂરી છે, સુરત શહેર ઓકટોબર ૨૦૧૮ માં "કન્ટેનર મુકત શહેર" જાહેર કરવામાં આવેલ છે.

SBM

(૬) શહેરના તમામ રહેણાંક, કોમર્શિયલ, સંસ્થાકિય ઈમારતો તથા ઈન્ડસ્ટ્રીયલ મિલ્કતો પાસેથી વેસ્ટ કલેકશન એન્ડ ટ્રાન્સપોર્ટેશનના યુઝર ચાર્જીસની વસુલાત કરવામાં આવે છે.

(૭) સોલીડ વેસ્ટ રૂલ્સ–૨૦૧૬ તથા પબ્લીક હેલ્થ બાયલોઝ–૨૦૧૬ મુજબ કચરાના વર્ગીકરણ, ગંદકી ફેલાવવી તથા બાયલોઝનો ભંગ કરનારને સ્પોટ ફાઈન તથા પેનલ્ટી ચાર્જીસની વસુલાતની કામગીરી કાર્યરત છે.

(૮) સુરત શહેરમાં ૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળા પ્લાસ્ટીક/સ્ટાયરોફોર્મ/થર્મોકોલ આઈટમ્સ તથા સીંગલ યુઝ પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

(૯) સોલીડ વેસ્ટ રૂલ્સ–૨૦૧૬ મુજબ તમામ શહેરમાં ૫૦ કિલોથી વધુ વેસ્ટ ઉત્પન્ન કરતા બલ્ક વેસ્ટ જનરેટર્સ ધ્વારા ઓનસાઈટ/મોબાઈલ કોમ્પોસ્ટિંગ અથવા પ્રોસેસીંગની શરૂઆત કરવામાં આવી છે, શહેરના વેજીટેબલ માર્કેટ તથા કોમ્યુનીટી હોલ ખાતે પણ ઓનસાઈટ વેસ્ટ પ્રોસેસીંગ કરવામાં આવે છે.

(૧૦) શહેરમાં ભીના તથા ઘરેલુ જોખમી કચરા માટેના પ્રોસેસીંગ પ્લાન્ટની વ્યવસ્થા કાર્યરત છે. જે મુજબ મોટી રહેણાંક સોસાયટીઓ અને હોટેલોમાં પ્રોસેસીંગ ફેસીલીટી ઉપલબ્ધ છે અને સુકા કચરા માટે તમામ ઝોનમાં મટીરીયલ રીકવરી ફેસીલીટી સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકામાં વર્મી કોમ્પોસ્ટિંગ, ગાર્ડન કોમ્પોસ્ટિંગ તથા બાયોગેસ પ્લાન્ટ કાર્યરત છે.

(૧૧) શહેરમાં ઉત્પન્ન થતા ઘનકચરામાંથી ૧૦૦% કચરાનું વૈજ્ઞાનિક ઢબે પ્રોસેસીંગ, બાકી રહેલ કચરાનું વૈજ્ઞાનિક ઢબે લેન્ડફીલ સાઈટ ખાતે નિકાલ કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૧૨) ડમ્પસાઈટના રીમેડીયેશનની કામગીરી ૧૦૦% પુર્ણ કરવામાં આવેલ છે.

(૧૩) સુરત મહાનગરપાલિકા ધ્વારા કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટના એકત્રિકરણ, સેગ્રીગેશન, રીસાઈકલ અને પ્રોસેસીંગ પ્લાન્ટની સુવિધા ઉભી કરવામાં આવેલ છે. સી એન્ડ ડી વેસ્ટના એકત્રિકરણ માટે મોબાઈલ એપ્લિકેશન તથા ઝોનવાઈઝ એક કલેકશન સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. સી એન્ડ ડી વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટ ખાતે રીસાયકલ થયેલ પ્રોડકટ્સનો ઉપયોગ વિવિધ પ્રોજેકટમાં કરવામાં આવે છે.

(૧૪) શહેરીજનો માટે ગ્રીવન્સ રીડ્રેસલ સીસ્ટમ/સ્વચ્છતા એપ ધ્વારા ફરિયાદોના નિકાલની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. જેમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટને લાગત ૯૫% થી વધુ ફરિયાદોનો સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવેલ છે.

(૧૫) તમામ સ્ટ્રોર્મ વોટર ડ્રેઈન ઘનકચરા મુકત રહે તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે તથા વોટરબોડી (તળાવ, લેક) નું સમયાંતરે સાફ–સફાઈ કરવામાં આવે છે.

(૧૬) શહેરમાં આવેલ ગેટેડ કોમ્યુનીટીઝ, બેંકવેટ હોલ, કલબ હાઉસ તથા અન્ય રહેણાંક સોસાયટીઓમાં ઓનસાઈટ કોમ્પોસ્ટિંગ, બરતન બેંક, FOOD ATM ની શરૂઆત કરી વેસ્ટ રીડકશન કરવામાં આવેલ છે તથા રીડયુઝ, રીયુઝ અને રીસાઈકલ (3R) પ્રિન્સીપલનું અમલીકરણ શરૂ કરવામાં આવેલ છે.

(૧૭) શહેરના ફલાયઓવર બ્રીજ, મુખ્ય માર્ગો તથા વિવિધ રહેણાંક વિસ્તારો અને કોમર્શિયલ વિસ્તારોમાં સીટી બ્યુટીફિકેશન હેઠળ મોડેલ સ્ટ્રીટ, મોડલ રોડ, સ્ટ્રીટ ફર્નિચર, દિશાસૂચક બોર્ડ, સુવ્યવસ્થિત ફુટપાથની સુવિધા ઉભી કરવામાં આવેલ છે તથા વોટર ટ્રીટમેન્ટ અને રીયુઝ માટેના પ્રોજેકટ પણ અમલીકરણ હેઠળ છે.

**"Water+ સર્ટીફિકેશન"**

સ્વચ્છ ભારત મિશન ધ્વારા મે–૨૦૨૦ માં Water+ Protocol સર્ટીફિકેશન મેળવવા અંગેની ગાઈડલાઈન જાહેર કરવામાં આવેલ. સદર ગાઈડલાઈન મુજબ જે શહેરો અથવા નગરો ધ્વારા ODF/ODF+/ODF++ સર્ટીફિકેશન પ્રાપ્ત કરવામાં આવેલ છે તેવા શહેરોમાં સુરક્ષિત, સુવ્યવસ્થિત અને કાયમી સ્વચ્છતાના માપદંડ જળવાય રહે તે માટે Water+ Protocol શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ છે અને ગાઈડલાઈનની પુર્તતા કરવામાં આવે છે.

(૧) શહેરના તમામ રહેણાંક વિસ્તારો, કોમર્શિયલ વિસ્તારો, ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારો, શૌચાલયોનું ડ્રેનેજ નેટવર્ક સાથે સુરક્ષિત જોડાણ કરવામાં આવે છે.

(૨) સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરમાં અંદાજિત ૧૯૫૭.૬૩ કિ.મી. ડ્રેનેજ નેટવર્ક અને ૧૧ STP-SewageTreatment Plant કાર્યરત છે.

(૩) તમામ સ્ટ્રોર્મ વોટર અને સુએજ વોટર ડ્રેઈનની પ્રિ–મોન્સુન અને પોસ્ટ–મોન્સુન સાફ–સફાઈની કામગીરી કરવામાં આવે છે તથા ડ્રેઈન ડીસિલ્ટીંગની કામગીરી કાર્યરત છે.

(૪) તમામ સ્ટ્રોર્મ વોટર ડ્રેઈન ઘનકચરા મુકત રહે તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

(૫) તમામ ગટરો તથા સેપ્ટિક ટાંકીઓની મિકેનાઈઝડ મશીન ધ્વારા પિરિયોડિકલી સફાઈની કામગીરી કરવામાં આવે છે.

(૬) સુએઝ વોટરની ટ્રીટમેન્ટ કર્યા બાદ, ટ્રીટેડ વોટરનો ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારો તથા હોર્ટિકલ્ચરમાં ઉપયોગ કરવામાં આવે છે.

(૭) તમામ સ્ટ્રોર્મ વોટર અને સુએજ વોટર ડ્રેઈનમાં આર.સી.સી. મેનહોલ ફ્રેમ–કવરથી કવર કરવામાં આવેલ છે.

(૮) તમામ સ્ટ્રોર્મ વોટર ડ્રેનેજના આઉટફલોને સ્ક્રીનથી કવર કરવામાં આવેલ છે.

(૯) સ્વચ્છતા એપ/લોકલ એપ ઉપર આવતી ડ્રેનેજ લાઈન ચોકઅપ, ઓવરફલો, લીકેજ ઈન સીવેજ, સેપ્ટીક ટેંક કલીનીંગ, અનકવરડ મેનહોલ, ડ્રેઈન કલીનીંગ વિગેરેની ફરિયાદનું સમયમર્યાદામાં નિરાકરણ કરવામાં આવે છે.

ઠરાવ નં.૭૪૭/૨૦૨૦ સર્વાનુમતે મંજુર.

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. ૧૪–૧૦–૨૦૨૦.

DMC(HEH)
/
MOH

HDP.

Received On
Dt. 13-10-2020

નં. સીસ્થાસ/ઠ/ ૨૯૦
તા. ૧૩/૧૦/૨૦૨૦

PHD/IN/NO. 5354
Dt. 21/10/2020.

DCHH/IN 1644
Date 14/10/2020